# સોમનાથ કાર્તિકી પૂર્ણિમાનો મેળો ૧૧મી નવેમ્બરથી

**સોમનાથ ટ્રસ્ટ અને વહીવટી તંત્રની મિટિંગમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો : લાખોની સંખ્યામાં લોકો પહોંચશે**

અમદાવાદ, તા.૮

અરબી સમુદ્રમાં સર્જાયેલું મહા વાવાઝોડું દરિયામાં જ સમાઈ ગયું છે. જો કે તેનો એક છેડો સૌરાષ્ટ્રના સમુદ્ર તટીય વિસ્તારોને અસર કરી ગયો હતો. મહા વાવાઝોડાની દહેશતને પગલે અગાઉ ગીર-સોમનાથ જિલ્લા વહીવટી તંત્ર અને સોમનાથ ટ્રસ્ટે કાર્તિકી પૂર્ણિમાનો મેળો રદ કરવાની જાહેરાત કરી હતી. પરંતુ હવે વાવાઝોડાનો ખતરો ટળી જતાં મેળો યોજવા માટે આજે સોમનાથ ટ્રસ્ટ અને તંત્રની બેઠક યોજાઈ હતી. જેમાં સોમનાથના ઐતિહાસિક કાર્તિકી પૂર્ણિમાનો મેળો તા.૧૧થી ૧૫ નવેમ્બર દરમ્યાન યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ મેળામાં માત્ર સૌરાષ્ટ્ર જ નહી પરંતુ રાજ્યના વિવિધ ક્ષેત્રોમાંથી લાખો લોકો ભાગ લેવા આવશે. મેળો રદ કરાયાની જાણ થયા બાદ ગઈકાલે સ્ટોલના પૈસા ભર્યા હતાં એ લોકો ટ્રસ્ટી ઓફિસે પૈસા માંગવા જતાં તેઓને મેળો યોજાનાર હોવાનું જણાવાયું હતું. જો કે ગીર-સોમનાથ જિલ્લા વહીવટી તંત્ર અને સોમનાથ ટ્રસ્ટની બેઠકમાં આ ઐતિહાસિક અને પરંપરાગત મેળો નવી તારીખે યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જે મુજબ, અગાઉ તા.૮ નવેમ્બરનાં રોજ શરૂ થનાર મેળાની તારીખ હવે તા.૧૧થી ૧૫ નવેમ્બર કરવામાં આવી છે. પરંપરાગત મેળો યોજાનાર હોઇ હવે લાખો શ્રધ્ધાળુઓ અને ભાવિકોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. તંત્ર દ્વારા સલામતી વિષયક સહિતના પગલાં લેવામાં આવ્યા છે. મેળામાં શ્રધ્ધાળુઓને કોઈ તકલીફ ના પડે તેમ જ આરોગ્ય વિષયક પગલાં પણ લેવાની દિશામાં તજવીજ હાથ ધરાઇ છે.

## દિનેશ બાંભણિયાને સેશન્સ કોર્ટે આપ્યો ઝટકો, અરજી ફગાવાઈ

પાસમાં હાર્દિક પછી નંબર ટુનું સ્થાન ધરાવતા અને પાસના પૂર્વ અગ્રણી નેતા દિનેશ બાંભણિયા એકાએક પોતાનો સૂર બદલી નાંખ્યો છે. દિનેશ બાંભણિયાએ પાસ અને પોતાના સાથી હાર્દિક પટેલ સાથે દગો કરીને પાટીદાર યુવાનો સાથે દ્રોહ કરતાં દિનેશ બાંભણિયા સામે આંગળી ચીંધાઈ રહી છે. પરંતુ આ પહેલા પાટિદાર અનામત આંદોલન દરમિયાન ગણા પાટિદાર અગ્રણીઓ વિરૂદ્ધ રાજ્ય સરકાર દ્વારા રાજદ્રોહનો કેસ કરવામાં આવ્યો હતો. જેમાંથી હાલમાં પણ કેટલાક લોકો પર આ કેસ ચાલી રહ્યો છે. જેમાંથી એક દિનેશ બાંભણિયા પણ છે. જોકે, દિનેશ બાંભણિયા વારંવાર પોતાનો સૂર બદલી રહ્યો છે.

# કરણી સેનાએ બંધનું એલાન આપ્યું

**૧૫મી ડિસેમ્બરે ગાંધીનગરમાં રેલી-જાહેરસભા : ગાયને રાષ્ટ્રીય માતા જાહેર કરવા અને એકટના દૂરપયોગ રોકવા સહિત શ્રેણીબદ્ધ મુદ્દાઓને લઇને આંદોલન કરાશે**

એટ્રોસીટી એકટના દૂરપયોગના વિરોધમાં શ્રી રાષ્ટ્રીય રાજપૂત કરણી સેના દ્વારા આગામી તા.૧૧ નવેમ્બરના રોજ ગુજરાત રાજ્ય બંધનું એલાન કરવામાં આવ્યું છે. આ અંગેનું એલાન આપતાં ગુજરાત રાજ્ય કરણી સેનાના અધ્યક્ષ રાજ શેખાવતે જણાવ્યું હતું કે, ગાયને રાષ્ટ્રીય માતા જાહેર કરવા, એટ્રોસીટી એકટનો દૂરપયોગ રોકવા અને આર્થિક પરિબળોને લઇ અનામત સહિતના મુદ્દાઓને લઇ હવે કરણી સેના આંદોલનના મંડાણ કરવા જઇ રહી છે અને તેના ભાગરૂપે જ તા.૧૧મી નવેમ્બરે ગુજરાત બંધનું એલાન અને તા.૧૫મી ડિસેમ્બરે ગાંધીનગરમાં વિશાળ રેલી અને જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં માત્ર રાજપૂત સમાજ કે ક્ષત્રિય સમાજ જ નહી પરંતુ તમામ સમાજના લોકો અને આગેવાનો સામેલ થશે અને કરણી સેનાની આ સામાજિક લડતમાં જોરદાર ટેકો આપશે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં કચ્છના રાપર ખાતે એક જાહેરસભા દરમ્યાન ઉશ્કેરણીજનક અને ભડકાઉ ભાષણ બદલ ગુજરાત રાજ્ય કરણી સેનાના અધ્યક્ષ રાજ શેખાવત વિરૂધ્ધ એટ્રોસીટી એકટ હેઠળ ફરિયાદ દાખલ થઇ હતી., જેને લઇ સમગ્ર રાજપૂત સમાજ અને કરણી સેનાના હજારો કાર્યકરોમાં ઉગ્ર આક્રોશ ફેલાયો હતો. કરણી સેનાના અધ્યક્ષ રાજ શેખાવતે ગંભીર આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે, કેટલાક સ્થાનિક અસામાજિક તત્વો દ્વારા એટ્રોસીટી એકટનો દૂરપયોગ કરી ખોટી રીતે આ ફરિયાદ દાખલ કરાઇ છે. આ માત્ર મારા પૂરતી વાત નથી પરંતુ આ એક સામાજિક બદીના રૂપમાં આ સમસ્યા આકાર લઇ રહી છે, તેથી એટ્રોસીટી એકટનો દૂરપયોગ રોકવો પડશે અને આ માટે તમામ સમાજને સાથે લઇને લડત આપવાનું નક્કી કરાયું છે. આજે અમદાવાદમાં કરણી સેનાના અધ્યક્ષ રાજ શેખાવતના નેજા હેઠળ અન્ય સમાજના આગેવાનો પણ એકત્ર થયા હતા અને તેમની આ સામાજિક લડતમાં તેઓએ પોતાનો ટેકો અને સમર્થન જાહેર કર્યું હતું. ગાયને રાષ્ટ્રીય માતા જાહેર કરવા, એટ્રોસીટી એકટનો દૂરપયોગ રોકવા અને આર્થિક પરિબળોને લઇ અનામત સહિતના મુદ્દાઓને લઇ હવે કરણી સેના આંદોલનના મંડાણ કરવા જઇ રહી છે અને તેના ભાગરૂપે જ ૧૧મી નવેમ્બરે ગુજરાત બંધનું એલાન અને તા.૧૫મી ડિસેમ્બરે ગાંધીનગરમાં વિશાળ રેલી અને જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં માત્ર ગુજરાત જ નહી પરંતુ રાજસ્થાન, મધ્યપ્રદેશ સહિતના અન્ય રાજ્યોમાંથી પણ રાજપૂત સમાજના અને કરણી સેનાના હજારો કાર્યકરો ઉપરાંત, અન્ય સમાજના પણ હજારો લોકો ૧૫મી ડિસેમ્બરની રેલીમાં જોડાશે.

**એક લાખથી વધુ શ્રદ્ધાળુ દ્વારા પરિક્રમા શરૂ**

# ગિરનાર લીલી પરિક્રમા ભારે શ્રદ્ધા સાથે શરૂ : શ્રદ્ધાળુઓ ઉમટ્યા

**થાકેલ શ્રદ્ધાળુ આરામ કરી શકે તે માટે સંતોએ રેનબસેરા ઉભું કર્યું : અલગ પડેલાઓની સહાય માટે માહિતી કેન્દ્રો**

અમદાવાદ, તા.૮

જૂનાગઢ ખાતે ગિરનારની લીલી પરિક્રમાની આજે રાતે ૧૨ વાગ્યાથી વિધિવત શરૂઆત કરવામાં આવી હતી. મહા વાવાઝોડાને લઇ લીલી પરિક્રમાને રોકી રખાઇ હતી પરંતુ તેનો ખતરો ટળ્યા બાદે આજે મધરાતે ૧૨ વાગ્યાથી લીલી પરિક્રમાનો વિધિવત્ પ્રારંભ કરવાની મંજૂરી અપાઇ હતી. લગભગ એક લાખથી વધુ શ્રધ્ધાળુ ભકતોએ પરિક્રમાનો ભારે ભકિતભાવ અને ઉત્સાહ સાથે પ્રારંભ કર્યો હતો. લીલી પરિક્રમાને લઇ આ વર્ષે શ્રદ્ધાળુઓના ભારે વધતા ધસારાને લઈને ગઈકાલ રાતથી જ ભાવિકોએ શરૂઆત કરી દીધી છે. ગીરનાર પરિક્રમામાં થાકેલા શ્રધ્ધાળુ યાત્રિકો આરામ કરી શકે અને રાહત અનુભવી શકે તે હેતુથી ગુપ્તપ્રયાગના બ્રહ્મચારી સંતો દ્વારા રેનબસેરાના પંડાલ ઉભા કરવામાં આવ્યા છે. તો પરિક્રમા દરમ્યાન પરિવારથી વિખૂટા પડેલા લોકોની ખાસ કરીને બાળકો અને મહિલાઓની સહાય માટે માહિતી કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા છે.

છેલ્લા પડાવ બોરદેવી ત્રણ રસ્તા નજીક નળપાણીની ઘોડી ઉતરીને આવતા વૃદ્ધો અને નાના બાળકો માટે રેનબસેરાને પંડાલ ઉભો કરવામાં આવ્યો છે. તો ભાવિકોને ગોદડા, ચાદર અને ઓશીકા વિનામૂલ્યે આપવામાં આવશે. કુદરતી વાતાવરણમાં ભાવિકો ચૂલો તૈયાર કરી ભોજન બનાવી રહ્યા છે. તો મોટાભાગના ભાવિકો અન્નક્ષેત્રોનો લાભ લઇ રહ્યા છે. જૂનાગઢ મનપાના કમિશનર તુષાર સુમરાએ જણાવ્યું હતું કે, પરિક્રમાના પ્રસ્થાન રૂટ એવા ઈન્દ્રભારતી બાપુના ગેઈટ પાસે તેમજ દત્તચોક ખાતે ૨૪ કલાક માટે માહિતી કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે. આ માહિતી કેન્દ્રો પરિવારથી વિખૂટા પડેલાની સહાય કરશે. આ ઉપરાંત ભવનાથ તેમજ ઉતારા મંડળની પાણી, સફાઇ, વીજળી વગેરેની સમસ્યા હશે તો તેનું નિરાકરણ કરશે. જ્યારે યાત્રિકો માટે હેલ્થ લાઇન નંબર સાથે કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે. લીલી પરિક્રમાને લઇ લાખો શ્રધ્ધાળુઓમાં ભારે ઉત્સાહ અને ભકિતનો માહોલ છવાયો છે.



# ચહેરા ઓળખ પ્રક્રિયા દ્વારા ઈ-મેમો આપવાની તૈયારી

અમદાવાદ, તા. ૮

રાજ્યમાં નવા ટ્રાફિક નિયમોનો અમલીકરણ શરૂ થઈ ગયું છે. રસ્તા પર જો વાહન ચાલક હેલ્મેટ પહેર્યા વગર અથવા સીટ બેલ્ટ બાંધ્યા વગર નીકળે તો ટ્રાફિક પોલીસ તેમને દંડ ફટકારી રહી છે પરંતુ ટ્રાફિક પોલીસ દ્વારા કોઈપણ વાહન ચાલકને હેલ્મેટ વગર તેમજ સીટ બેલ્ટ બાંધ્યા વગર નીકળે તો તેને ઈ-મેમો ફટકારવામાં આવી રહ્યો નથી. પોલીસ દ્વારા હાલમાં માત્ર રેટ વાયોલેશન એટલે કે, સિગ્નલ ભંગના જ ઈ-મેમો ફટકારવામાં આવી રહ્યા છે.

ટ્રાફિક ડીસીપીએ જણાવ્યું હતું કે, નવા નિયમો લાગુ થઈ ગયા છે પરંતુ ફેસ રીકગ્નેશન સીસ્ટમ દ્વારા ઈ-મેમો ફટકારવાની ટ્રાયલ ચાલી રહી છે જેના કારણે હાલ શહેરમાં હેલ્મેટ વગર અને સીટ બેલ્ટ વગરના વાહન ચાલકને ઈ-મેમો આપવામાં આવી રહ્યા નથી. પરંતુ નજીકના દિવસોમાં ફેસ રીકગ્નેશન સીસ્ટમની અમલવારી શરૂ કરી દેવાશે. ફેસ રીકગ્નેશન સીસ્ટમ એટલે ચાર રસ્તા પર જ્યારે કોઈપણ વાહન ચાલક ઉભા હશે ત્યારે જે પણ વાહન ચાલકે નિયમનો ભંગ કર્યો હશે, તેની તમામ માહિતી પાછળ લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ જશે એટલે કે જેટલા પણ વાહન ચાલકે નિયમનો ભંગ કર્યો હશે, તેને કેમેરા ઓટોમેટિક જ તેને કેપ્ચર કરી લેશે અને તેનો ઈ-મેમો ઓટોમેટિક જનરેટ થઈ જશે. ટ્રાફિક પોલીસ દ્વારા ચાર રસ્તા પર નિયમ ભંગ કરતા વાહન ચાલકોને સીસીટીવી કંટ્રોલ રૂમમાંથી કેમેરા દ્વારા મેન્યુઅલી વાહન ચાલકનો નંબર ઝુમ કરી અને તેને ઈ-મેમો ફટકારવામાં આવી રહ્યો હતો.

પરંતુ ઘણી વખત વાહન ચાલકોની ફરિયાદ હતી કે, મારો એકલાનો જ ઈ-મેમો જનરેટ કરવામાં આવે છે, બાજુમાં પણ અન્ય વાહન ચાલકે નિયમ ભંગ કર્યો છે તો પણ તેને મેમો ફટકારવામાં આવતો નથી જેથી હવે નિયમ ભંગ કરવા પર ફેસ રીકગ્નેશન સીસ્ટમ દ્વારા ઈ-મેમો ફટકારવામાં આવશે. કોઈપણ વાહન ચાલક જ્યારે ટ્રાફિક નિયમનો ભંગ કરે અને ચાર રસ્તા પર ટ્રાફિક પોલીસ પકડે તો પોલીસ દ્વારા સ્થળ પર જ દંડ વસૂલે છે.

વાહન ચાલક દ્વારા આ દંડ ભર્યા બાદ પણ જો ચાર રસ્તા પર લાગેલા સીસીટીવી કેમેરામાં વાહન ચાલક નિયમ ભંગ કરવા બદલ ઝડપાશે તો ચાલકને ઈ-મેમો પણ ફટકારવામાં આવશે. આમ ચાલકને એક નિયમ ભંગ કરવા પર બે વાર દંડ ભરવાના રહેશે. આ મામલે ટ્રાફિક ડીસીપી (એડમિન) તેજસ પટેલે જણાવ્યું હતું કે, દિવસમાં એકવાર વાહન ચાલકનો ઈ-મેમો જનરેટ થઈ જશે તો એ જ દિવસે બીજી જગ્યાએ ટ્રાફિક નિયમના ભંગ બદલ તેનો ઈ-મેમો ફટકારવામાં નહીં આવે. આમ, એક દિવસમાં એક જ વાર વાહનચાલકને નિયમભંગ બદલ ઈ-મેમો ફટકારાશે તેવી સ્પષ્ટતા પણ ટ્રાફિક ડીસીપીએ કરી હતી.

# વિન્ટર અને સમર પાક માટે સિંચાઈનું પાણી પુરુ પડાશે

**સતત કમોસમી વરસાદના પરિણામસ્વરુપે પાકને નુકસાન**

અમદાવાદ, તા. ૮

હાલમાં કમોસમી વરસાદના પરિણામ સ્વરુપે ગુજરાતના ખેડૂતોને ભારે નુકસાન પાકમાં થયું છે ત્યારે તેમની તકલીફોને ઓછી કરવાના હેતુસર રાજ્ય સરકારે શિયાળાની સાથે સાથે ઉનાળા પાક માટે પણ ખેડૂતોને સિંચાઈ પાણી ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય કર્યો છે. ખેડૂતોને રાહત આપવા માટે જે પગલા લેવામાં આવી રહ્યા છે તે પગલા થકી એક તરીકે આ નિર્ણયને ગણવામાં આવે છે. રાજ્ય સરકાર શિયાળાની સાથે સાથે ઉનાળા બંને માટે સિંચાઈ પાણી ઉપલબ્ધ કરાવનાર છે. સરકાર પાસે જે વિકલ્પો રહેલા છે તે મુજબ સરકાર સતત કમોસમી વરસાદના પરિણામ સ્વરુપે ઉભી થયેલી સ્થિતિને પહોંચી વળવા કામ કરવા માટે તૈયાર છે. આના ભાગરુપે જ મોટાપાયે પાક નુકસાન થયા બાદ ખેડૂતોને એકબાજુ વળતરની યોગ્ય ચુકવણી માટે તૈયારી થઈ રહી છે. બીજી બાજુ આગામી દિવસોમાં ખેડૂતોને શિયાળા અને ઉનાળા પાક માટે સિંચાઈ પાણી ઉપલબ્ધ કરાવવાની પણ વાત કરી છે. બુધવારના દિવસે રાજ્ય કેબિનેટની બેઠક યોજાઈ હતી જેમાં પાક નુકસાનના મામલામાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સાથે સાથે સંભવિત રાહત પગલા પર પણ ચર્ચા થઈ હતી. ખેડૂતોની તકલીફને ઓછી કરવા માટે બનતા તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. રાજ્ય સરકારે અન્ય રાહતો આપવા માટેની પણ તૈયારી કરી છે. ખેડૂતોને પાણી ઉપલબ્ધ કરાવવા માટે પુરતા પ્રમાણમાં પાણીનો જથ્થો છે. આ વખતે સારા વરસાદના પરિણામ સ્વરુપે બંધ અને સરોવરમાં પુરતા પ્રમાણમાં પાણીનો જથ્થો રહેલો છે. પાક નુકસાનના મુદ્દા પર તેમની પ્રતિક્રિયા આપતા અધિકારીઓએ કહ્યું છે કે, તેમને ગ્રામિણ વિસ્તારોમાં જઈને પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે કહેવામાં આવ્યું છે. પાક નુકસાન સર્વે કામગીરી યોજવામાં આવી રહી છે. સરકાર દ્વારા વિમા દાવાના ઝડપી નિકાલ માટે પણ વ્યવસ્થા કરી છે. રાજ્ય સરકારે કેટલાક કારણોસર હાલમાં કન્ટીજેન્સી ફંડની રચના કરવાનો ઈન્કાર કરી દીધો છે. આનો મતલબ એ થયો કે, સરકારને ફરી એકવાર વિમા પ્રિમિયમની ચુકવણી નહીં થવાના કારણે ખેડૂતોની નારાજગીનો સામનો કરવો પડશે. બીજી બાજુ રિઝર્વ ફંડની રચનાનો મુદ્દો ફરી એકવાર સપાટી ઉપર આવી શકે છે. ૪૦ ટકાથી વધુ ખેડૂતોને હજુ સુધી તેમના ક્લેઈમની રકમ મળી શકી નથી. રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ઈન્સ્યોરન્સ કંપનીઓને વાર્ષિક પ્રિમિયમ તરીકે આશરે ૩૦૦૦ કરોડ રૂપિયાની ચુકવણી કરે છે. રિઝર્વ ફંડની રચનાનો વિચાર આગામી વર્ષે અમલી થાય તેમ માનવામાં આવે છે.

# ખેડૂતો બેહાલ : ૭ દિવસમાં સર્વેની કામગીરી પૂર્ણ કરાશે

**પાક નુકસાન અને વળતર સંદર્ભે સમીક્ષા બેઠક થઇ : રૂપાણીના આવાસ પર યોજાયેલ બેઠકમાં સર્વેની કામગીરી ઉદારતા સાથે કરવા નિર્ણય : વહેલીતકે સહાયતા ચુકવાશે**

અમદાવાદ, તા. ૮

ગુજરાતમાં ભારે વરસાદ અને માવઠાના કારણે પાકને થયેલા ભારે નુકસાનથી ચિંતાતુર બનેલી સરકાર વાતચીતમાં વ્યસ્ત બની ગઈ છે. ખેડૂતોને મુશ્કેલીમાંથી બચાવી લેવા માટે જુદા જુદા આયોજન કરવામાં આવી રહ્યા છે. આના ભાગરુપે આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીના આવાસ પર પાકના નુકસાન અને વળતરના મુદ્દા ઉપર મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી જેમાં તમામ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ખેડૂતોના હિતમાં ઝડપથી કામ કરવા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જરૂરી સૂચના પણ આપી હતી. આજે યોજાયેલી આ બેઠકમાં માત્ર સાત દિવસના ગાળામાં જ પાક નુકસાનના સંદર્ભમાં સર્વેની કામગીરી પરિપૂર્ણ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. સર્વેની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. રાજ્યના કેટલાક વિસ્તારમાં ખેડૂતોને ભારે વરસાદથી અભૂતપૂર્વ નુકસાન થયું છે અને તેમના પર આફત આવી ગઈ છે. અન્નદાતાને મુશ્કેલીમાંથી બચાવી લેવા માટે ઉદારતાના ધોરણે સર્વેની કામગીરી હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આજે યોજાયેલી બેઠકના સંદર્ભમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે વિસ્તારપૂર્વક માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, ખુબ જ ઉદારતાના ધોરણે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. તમામ વિસ્તારોમાં સર્વેની કામગીરી કરીને રિપોર્ટ તૈયાર કરવામાં આવશે જેમાં મૂલ્યાંકન કરીને નાણાંની ચુકવણી કરવામાં આવશે. બીજી બાજુ સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી ચુકી છે. સાત લાખ હેક્ટર ભૂમિમાં નુકસાન થઈ ચુક્યું છે. આને લઈને ખેડૂતો ભારે ચિંતાતુર બનેલા છે. તેમના પર બોઝ વધી રહ્યો છે. આવી સ્થિતિમાં સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી ચુકી છે. ખેડૂતોને મદદ કરવાના હેતુસર ૨૨ જિલ્લાઓમાં આ સર્વેની કામગીરી કરવામાં આવનાર છે. ખેડૂતોને કમોસમી વરસાદના લીધે મોટાભાગે તમામ પાકમાં ભારે નુકસાન થયું છે. જેમાં મગફળી, ડાંગર અને અન્ય પાકનો સમાવેશ થાય છે. ખેડૂતોને આ વખતે ભારે વરસાદના પરિણામ સ્વરુપે તેમના ખર્ચની રકમ પણ મળી શકી નથી અને તેમને પાકને નિષ્ક્રિય કરી દેવાની ફરજ પડી છે. સરકાર સમક્ષ ખેડૂતો દ્વારા યોગ્ય વળતરની ચુકવણીની માંગ દિનપ્રતિદિન વધુ તીવ્ર બની રહી છે.

## મહિલાઓ અસલામત... 

● પાંચમાં પાનાનું ચાલુ

ત્યારે ચેઈનસ્નેચરોની હિંમત વધતા અને પોલીસના અસ્તિત્વને ચેલેન્જ અપાતા હોય તેમ રહેણાંક સોસાયટીમાં ઘરમાં ત્રાટકી મહિલાનો અછોડો તોડી હવામાં ઓગળી જવાની મોડાસામાં ઘટના બનતા પોલીસતંત્રની નિષ્ક્રિય કામગીરી સામે અનેક સવાલ પેદા થયા છે.

પ્રાપ્ત માહિતી મુજબ મોડાસાના માલપુર રોડ પરથી શ્રી રવિશંકર મહારાજ માર્ગ પરથી તેમના ગોકુલ સોસાયટીમાં આવેલા ઘર તરફ જતા દંપતી સામે સામેથી પલ્સર બાઈક પર આવેલા બે ચેઈનસ્નેચરો ત્રાટકી કુસુમબેન સંજયભાઈ અમીનના ગળામાં રહેલા ૨ તોલા સોનાનો અછોડો અને મંગળસૂત્ર કીં. રૂ. ૪૫૦૦૦/- નું લૂંટી ફરાર થઈ જતા મહિલાએ બેબાકળી બની બુમાબુમ કરતા આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા એક યુવકે પીછો કરવાનો પણ નિષ્ફળ પ્રયાસ કર્યો હતો પરંતુ બંને ચેઈનસ્નેચર હવામાં ઓગળી જતા ચેઈનસ્નેચીંગની ઘટનાથી ભયનો માહોલ છવાયો હતો ચેઈનસ્નેચીંગ નો ભોગ બનેલ મહિલાએ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પલ્સર બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ચેનસ્નેચર હવે મેટ્રો સિટીને છોડી નાના શહેરોમાં આવી પોલિસની છાવણી નીચે પોતાનો અડ્ડો જમાવ્યો હોય તેવું લાગી રહ્યું છે. એકજ સપ્તાહમાં બીજી ચેઈનસ્નેચીંગ ઘટના નોધાતા વારંવાર મોડાસામાં ચેઈન સ્નેચરની ઘટનાઓને પોલિસતંત્ર ધ્યાને ન લેતા મહિલાઓ પોતે અસુરક્ષિત મહેસૂસ કરી રહી છે. મોડાસામાં પોલિસ તંત્રએ આખો સ્ટાફ એક તરફી દારૂના દૂષણને ડામવા અને ટ્રાફિક પર લગાવી દીધુ છે પરંતુ પોલિસ એ ભૂલી ગઈ છે કે શહેરમાં મહિલા પણ છે અને તેઓના ગળામાં સોનાનો દોરો પણ હોય છે હાલ તો ચેન સ્નેચર એટલા ફૂલ્યા ફાલ્યા છે કે પોલિસને પણ ન ગાંઠતા હોય તેવું લાગી રહ્યું છે. પોલીસતંત્ર ચાઈનસ્નેચરોના ઘૂંટણિયે પડી ગયું હોય તેવો અહેસાસ પ્રજાજનો અનુભવી રહ્યા છે.

## ચુકાદો

● અનુસંધાન પહેલાનું ચાલુ

કહ્યુ છે કે પોલીસે હજુ સુધી ૧૬૫૯ લોકોના સોશિયલ મિડિયા એકાઉન્ટસ પર નજર રાખવામાં આવી રહી છેજો જરૂર પડે તો ઈન્ટરનેટ સેવા સસ્પેન્ડ રાખવામાં આવી શકે છે. દરમિયાન સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ રંજન ગોગોઇએ આજે ઉત્તરપ્રદેશના ડીજીપી અને મુખ્ય સમિચવે વાતચીત માટે બોલાવ્યા છે. આને લઈને તમામ પાસા પર ચર્ચા છે બીજી બાજુ ડીજીપીએ કહ્યુ છે કે પોલીસ ફોર્સને સાફ સંદેશા આપવામાં આવ્યા છે કે કોઇ પણ કિંમતે શાંતિ રહેવી જોઇએ. છેલ્લા થોડાક દિવસમાં જ ૬૦૦૦ શાંતિ બેઠકો યોજવામાં આવી ચુકી છે. ૫૮૦૦ ધર્મગુરૂઓ સાથે વાતચીત પણ થઇ ચુકી છે. ડીજીપી ઓપી સિંહના કહેવા મુજબ હજુ સુધી આશરે ૧૦૦૦૦ લોકો રડાર પર છે. તેમને સીઆરપીસી હેઠળ રાખવામાં આવ્યા છે. જેના કારણે આ લોકો શાંતિ ભંગ કરી શકશે નહીં. ૫૦૦થી વધારે લોકોને જેલ ભેગા કરી દેવામાં આવ્યા છે. ફિલ્ડ પર સૌથી વધારે ધ્યાન સોશિયલ મિડિયા પર કેન્દ્રિત કરવામાં આવ્યુ છે. આના માટે એક ટીમને લગાવી દેવામાં આવી છે. હજુ સુધી ૧૬૫૯ લોકોના એકાઉન્ટસ પર નજર રાખવામાં આવી રહી છે. આ એકાઉન્ટસ પર સામાજિક શાંતિને ભંગ કરવાના પ્રયાસ કરવામા આવી શકે છે. અયોધ્યામાં શાંતિ જાળવી રાખવા માટે અનેક પડકારો રહેલા છે.અટકાયતનો દોર હાલમાં જારી રહી શકે છે. તંત્ર સંપૂર્ણ પણે સજ્જ દેખાઈ રહ્યુ છે.

## સુરક્ષા હટાવાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતું કે, બે પૂર્વ વડાપ્રધાનો જેમના દ્વારા ત્રાસવાદ સામે કઠોર કાર્યવાહી કરવામાં આવી હતી. તેમના પરિવારના સભ્યો સાથે મળીને ભાજપના નેતાઓ અંગત બદલો લેવાની પ્રક્રિયામાં લાગેલા છે. તાજેતરમાં જ સરકારે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહની એસપીજી સુરક્ષા વ્યવસ્થાને દૂર કરવાનો પણ નિર્ણય કર્યો હતો. સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાઢેરાની એસપીજી સુરક્ષા વ્યવસ્થા પાછી ખેંચી લેવામાં આવી છે. હવે માત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પાસે એસપીજી સુરક્ષા કવચ છે. સ્પેશિયલ પ્રોટેકશન ગ્રુપ અથવા તો એસપીજીની સ્થાપના ૧૯૮૮માં સંસદ મારફતે કાનૂન બનાવીને કરવામાં આવી હતી. વડાપ્રધાન ઉપરાંત પૂર્વ વડાપ્રધાનો અને તેમના પરિવારને એસપીજીની સુરક્ષા આપવામાં આવે છે. સરકાર ઉપર કોઈ મોટો ખતરો છે કે કેમ તેમ લાગે તો સુરક્ષા વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવી શકે છે. સરકારે હવે નિર્ણય કર્યો છે કે, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, તેમના પુત્ર રાહુલ ગાંધી અને પુત્રી પ્રિયંકા ગાંધીને એસપીજી સુરક્ષાના બદલે ઝેડ પ્લસની સુરક્ષા આપવામાં આવશે. સુરક્ષા પાસાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યા બાદ સરકારે ગાંધી પરિવારને આપવામાં આવેલી એસપીજીની સુરક્ષા પરત લેવાનો નિર્ણય કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજીવ ગાંધી અને ઈન્દિરા ગાંધી બંનેની એ વખતે હત્યા કરવામાં આવી હતી જ્યારે વડાપ્રધાન તરીકેની સેવા અદા કરી રહ્યા હતા. એસપીજીની સુરક્ષા વ્યવસ્થાને લઈને હંમેશા ચર્ચા રહી છે. એસપીજીના જવાનો પાસે અતિઆધુનિક ટેકનોલોજી હોય છે. એસપીજી એક્ટ મુજબ તમામ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશ એસપીજીને મદદ કરે છે.

## મુખ્યમંત્રી તો

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુખ્યમંત્રી બનશે. શિવસેના ખોટુ બોલનારાઓની પાર્ટી નથી. મે ક્યારેય પીએમ મોદી પર આરોપ નથી લગાવ્યા. હું ભાજપવાળો નથી. ખોટુ નથી બોલતો. હું ખોટુ બોલનારાઓ સાથે વાત નથી કરતો. મે ક્યારેય દુષ્યંત ચૌટાલા જેવી ભાષાનો પ્રયોગ નથી કર્યો. ઉદ્ધવ ઠાકરેએ ભાજપને અલ્ટિમેટમ આપતા કહ્યુ- સરકાર બનાવો નહી તો વિકલ્પ ખુલ્લા છે.

ઉદ્ધવ ઠાકરેએ કહ્યું મુખ્યમંત્રી પદને લઈને ૫૦-૫૦ પર સહમતી બની હતી. મારે તેના પર સફાઈ આપવાની જરૂર નથી. શિવસેનાના મુખ્યમંત્રી હોવાના સપનાને પૂર્ણ કરવા માટે કોઈની મદદની જરૂર નથી. અમિત શાહે કહ્યું હતું જેમના વધારે ધારાસભ્યો તેમનો મુખ્યમંત્રી, મે તેમને કહ્યું હતું કે હું નહી માનીશ. દેવેંદ્ર ફડણવીસે અમિત શાહનું નામ લઈ અઢી વર્ષ મુખ્યમંત્રી બનાવવાનો ઈનકાર કર્યો, જનતા જાણે છે કે કોણ ખોટું બોલી રહ્યું છે. અમિત શાહ વાત કરવા માટે મુંબઈ આવ્યા હતા. મે મુખ્યમંત્રી પદને લઈને તેમની સાથે સ્પષ્ટ વાત કરી હતી. બધાને ખબર છે કોણ ખોટું બોલી રહ્યું છે.

## કરતારપુર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાકિસ્તાને કઠોર મંત્રણા બાદ સમજૂતિ પર હસ્તાક્ષર કર્યા હતા. આની સાથે જ આવતીકાલે ૯મી નવેમ્બરના દિવસે કરતારપુર કોરિડોરનું ઉદ્‌ઘાટન કરવામાં આવનાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરતારપુર કોરિડોરના ઈન્ટેગ્રેટેડ ચેકપોસ્ટનું ઉદ્‌ઘાટન કરશે. મોદી પંજાબમાં ગુરદાસપુર ખાતે ડેરાબાબા નાનક ખાતે ચેકપોસ્ટનું ઉદ્‌ઘાટન કરશે. ઉદ્‌ઘાટન પહેલા મોદી સુલ્તાનપુર લોધી ખાતે ગુરુદ્વારામાં દર્શન પણ કરશે. પીએમઓ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ડેરાબાબ નાનક ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. આઈસીપીનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યા બાદ પાકિસ્તાનમાં ગુરુદ્વારા કરતારપુર સાહિબ જવા ભારતીય શ્રદ્ધાળુઓ માટે માર્ગ ખુલી જશે. ઝીરો પોઈન્ટ પર કોરિડોરના ઓપરેશન માટે રુપરેખાને લઈને ૨૪મી ઓક્ટોબરે પાકિસ્તાન સાથે ભારતે સમજૂતિ કરી હતી. ૨૨મી નવેમ્બર ૨૦૧૮ના દિવસે કેન્દ્રીય કેબિનેટે ગુરુનાનક દેવની જન્મજયંતિને ભવ્યરીતે ઉજવવાનો ઠરાવ પસાર કર્યો હતો. મળેલી માહિતી મુજબ કોરિડોરની શરૂઆત થયા બાદ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દરરોજ દર્શન માટે પહોંચી શકશે. કોરિડોરનું ઉદ્‌ઘાટન થયા બાદ ભારતીય શ્રદ્ધાળુ થોડાક મિનિટ ચાલ્યા બાદ જ કરતારપુર પહોંચી શકશે.

## થાંભલા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામ પણ અધુરુ છોડી દેવાયુ છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાની જાળવણીનુ કામ અગાઉ ટોરેન્ટ પાવરના શીરે હતુ જયારે છેલ્લા બે વર્ષથી દિલ્હીની એજન્સીને આ કામગીરી સોંપી દેવામાં આવી છે. સ્ટ્રીટ લાઈટના થાંભલાને જગમગતા રાખવા માટે એલ ઈ ડી પ્રોજેકટ અમલમાં મુકાયો છે. પરંતુ વરસાદી દિવસોના અંતે વારંવાર લાઈટો ડુલ રહેતી હોવાની અનેક ફરિયાદો ઉઠવા પામી હતી. જયારે થોડા સમય અગાઉ દિવાળી ટાંણે પણ સેકટરોમાં અંધારપટ્ટ છવાયેલો રહ્યો હતો. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા ડુલ રહેતા સ્થાનિકોમાં પણ રોષ પ્રવર્તાયો છે. જયારે બંધ થાંભલા આમ પણ શોભાના ગાંઠીયા સમાન બન્યા છે ત્યારે સ્ટ્રીટ લાઈટના થાંભલા જાળવણીના અભાવે કંગાળ જોવા મળી રહ્યા છે. થાંભલાને કલરકામ પણ ખરવામાં આવતુ નથી. દાયકાઓ જુના પોલ્સને કાટ ખાઈ ગયો છે. આ પૈકી કેટલાક નમી પડેલી જોખમી હાલતમાં છે. આમછતા સેકટરોના થાંભલાને નવા રૂપરંગ આપવા માટે કોઈ આયોજન થતુ નથી. સેકટરોમાં કેટલાક થાંભલા ખુલ્લી હાલતમાં હોવાથી ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી દહેશત પણ પ્રબળ બની છે. અગાઉ ગત વાઈબ્રન્ટ સમિટ વેળાએ સ્ટ્રીટ લાઈટના થાંભલાને કલર કરવા માટે સેકટરોમાં કામ હાથ ધરાયુ હતુ પરંતુ આ કામગીરી પણ અધુરી છોડી દેવામાં આવી હતી. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના જાળવણીનુ કામ હાથ ધરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## ૬ ક્લાર્કને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તો બીજીબાજુ ત્યારબાદ આ વાહનો જે તે વ્યકિત કે ડીલરના નામે ચઢાવી દેવામાં આવ્યા છે. આ કૌભાંડમાં સ્થાનિક સ્ટાફની પણ મિલીભગત હોવાનુ વાહનવ્યવ્હાર વિભાગ માની રહ્યો છે. જયારે આ કૌભાંડને ધ્યાને લઈને વાહનવ્યવહાર વિભાગની કચેરી દ્વારા આંતરિક તપાસ પણ શરૂ કરી દેવામાં આવી છે. આ માટે વડોદરાના આર ટી ઓ અધિકારીને તપાસ અધિકારી તરીકે નિમવામાં આવ્યા છે. આ કૌભાંડ સંદર્ભે ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં ટેકસ સહીતની કામગીરી સંભાળતા ૬ કલાર્કને વાહનવ્યવ્હાર કમિશ્નરની કચેરી મારફતે નોટીસ પણ આપવામાં આવી છે. આવા સંજોગોમાં આર ટી ઓના સ્ટાફની આ કૌભાંડમાં મિલીભગત છતી થાય છે કે ભીનુ સંકેલાય જાય છે તે અંગે પણ અનેક સવાલો મંડરાયા છે.